# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 28-03-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા 12 દસ્તાવેજો પૈકી એકને આધારે મતદાન કરી શકાશે.
- ✓ ચૂંટણી પંચની સી-વિજીલ એપ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી આચારસંહિતા ભંગની 588 ઓનલાઇન ફરિયાદો મળી છે.
- ✓ લોકસભા ચૂંટણી અંતર્ગત રાજ્યભરમાં મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.
- ✓ વાપી તાલુકાના પરિયા ગામ ખાતે આગામી 31 માર્ચથી સાત એપ્રિલ દરમિયાન 20-20 ફ્રેન્ડશિપ કપ યોજાશે.
- ✓ રાજ્યમાં ગરમીના પ્રમાણમાં વધારો ગઈકાલે રાજ્યના 5થી વધુ શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું.

## ELECTION PRESS – P.BHARTI

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું કે, ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા 12 દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે.

પરંતુ, આ માટે મતદાર યાદીમાં નામ હોવું જરૂરી છે. તમામ નાગરિકોને મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી લેવા મુખ્ય ચૂંટણી અધિકારીએ અનુરોધ કર્યો છે.

મુખ્ય ચૂંટણી અધિકારીએ વધુમાં જણાવ્યું કે નવા ઓળખકાર્ડ- એપિક કાર્ડ માટે અરજી કરનારા મતદારોને સમયસર એપિક કાર્ડ મળી જાય તેની પૂરતી વ્યવસ્થા

સુનિશ્ચિત કરવામાં આવી છે ,તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે.

આદર્શ આચારસંહિતાના ભાગ રૂપે અત્યાર સુધીમાં સમગ્ર સરકારી મિલકતો પરથી કુલ 1 લાખ 60 હજાર 718 તથા ખાનગી મિલકતો પરથી કુલ 58 હજાર 697 રાજકીય પ્રચાર અર્થેના પોસ્ટર-બેનરો તથા પ્રચાર-પ્રસાર સંબંધી જાહેરાતો દૂર કરવામાં આવી છે.

રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઈ રહે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં 756 ફ્લાઈંગ સ્કવોર્ડ્સ કાર્યરત કરવામાં આવી છે, જે દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી રોકડ, દારૂ, સોનું-ચાંદી અને ચરસ સહિતની 42 કરોડ 62 લાખની વસ્તુઓની અટકાયત કરવામાં આવી છે.

.................

## C VIGIL APP - ELECTION PRESS

ચૂંટણી પંચની સી-વિજીલ એપ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી આચારસંહિતા ભંગની 588 ઓનલાઇન ફરિયાદો મળી છે. આ તમામ ફરિયાદોનો સમયમર્યાદામાં તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચની સી-વિજીલ એપ ચૂંટણી પ્રક્રિયા ઉપર ચાંપતી નજર રાખી રહ્યું છે. આ એપ દ્વારા આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઇન ફરિયાદો, ફોટા, વિડિયો, વગેરે સીધુ જ ચૂંટણી પંચને મોકલી શકાય છે.

આ ઉપરાંત ચૂંટણી સંદર્ભે મળતી ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય તે માટે ગાંધીનગર ખાતે નિયંત્રણ કક્ષ કાર્યરત કરવામાં આવ્યું છે. જેમાં ચૂંટણી સંબંધિત ફરિયાદો અને રજૂઆતો સ્વીકારવામાં આવશે.

.................

## GANDHINAGAR P BHARTI

લોકસભા 2024ની ચૂંટણીને લઈને ગાંધીનગર ખાતે મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ પત્રકાર પરિષદ સંબોધિત કરી હતી.

આ વખતની ચૂંટણી પ્રક્રિયા માટે ભારતીય ચૂંટણી પંચ દ્વારા ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવા અંગે મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે,

(બાઇટ – પી.ભારતી, મુખ્ય ચૂંટણી અધિકારી)

.................

## INTERVIEW

આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ સુનિશ્ચિત કરાઈ રહી છે.

લોકસભા ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવીણ ડી.કે.એ. ગઇકાલે ઇવીએમ સ્ટ્રોંગ રૂમ અને મતદાન મથકની મુલાકાત લીધી હતી.

જિલ્લા કલેક્ટર અને શહેર પોલીસ કમિશનરે લીધેલી આ મુલાકાત દરમિયાન મતદાન મથક અને ઈવીએમ સ્ટ્રોંગ રૂમ ખાતે કોઈ ખલેલ ન પહોંચે અને ગોપનીયતા જળવાઈ રહે તેમજ કેન્દ્રીય ચૂંટણી પંચની સૂચનાઓના અમલ અંગે ચર્ચાઓ કરાઈ હતી. અને અધિકારીઓને કાયદો-વ્યવસ્થા મતદાન મથક પર તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માર્ગદર્શન અપાયું હતું.

સુશ્રી પ્રવીણ એ. કેન્દ્રીય ચૂંટણી પંચની ગાઇડલાઈનનું પાલન થાય તેની તકેદારી રાખવા જણાવ્યું હતું.

.................

## MATDAN JAGRUTI, RAJKOT

લોકસભા ચૂંટણી અંતર્ગત રાજ્યભરમાં મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

રાજકોટ શહેરની કેટલીક શાળાઓમાં ગઇકાલે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જેમાં મા આનંદમયી કન્યા વિદ્યાલય, પતંજલિ સ્કૂલ અને કે.જી.ધોળકીયા સ્કુલના વિદ્યાર્થીઓએ  નાટક, રેલી, ચિત્ર સ્પર્ધા, "મારું મતદાન, મારી ફરજ, મતદાન કરીએ અને કરાવીએ" જેવા સ્લોગન સહીત વિવિધ સ્પર્ધાઓ યોજી લોકોને મતદાન

કરવા પ્રેરણા આપી હતી. આ સ્પર્ધા થકી  મતદાન, સ્વીપ, ઈ.વી.એમ.સહિતની મતદાનલક્ષી તમામ માહિતી પુરી પાડવામાં આવી હતી.

મહેસાણા જિલ્લામાં સ્વીપ અંતર્ગત મતદાન જાગૃતિની વિવિધ 63 પ્રવૃતિ કરવામાં આવી.

સિધ્ધપુર તાલુકાના કાકોશી મુકામે ગરબા કરીને લોકોને મતદાનની મહત્તા અંગે જાગૃત કરવામાં આવ્યાં. ચાણસ્મા તાલુકાની શાળાઓમાં મતદાન જાગૃતિ અંગેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. શાળાઓમાં રંગોળી અને ચિત્ર સ્પર્ધા દ્વારા પણ મતદાન જાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## WEATHER

ઉનાળાના પ્રારંભે જ રાજ્યમાં કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે. ગઈકાલે રાજ્યના 5થી વધુ શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું છે.

સૌથી વધુ 42 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ તાપમાન ભૂજ ખાતે નોંધાયું જે સામાન્ય કરતા પાંચ ડિગ્રી વધુ છે. આ સાથે રાજકોટ અને સુરેન્દ્રનગર ખાતે 41 ડિગ્રી, અમરેલી, અમદાવાદ અને ડીસા ખાતે 40 ડિગ્રી, કંડલા એરપોર્ટ, કેશોદ, ગાંધીનગર, વિદ્યાનગર, વડોદરા ખાતે 39 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. જે સામાન્ય કરતાં 3થી ચાર ડિગ્રી વધુ છે.  હવામાન વિભાગે આજથી બે દિવસ રાજકોટ અને કચ્છ પંથકમાં હિટવેવની આગાહી કરી છે તથા અમદાવાદ અને બનાસકાંઠામાં રાત્રિ દરમિયાન ગરમીમાં થયેલો વધારો યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરી છે.

રાજ્યમાં વધી રહેલી ગરમીનું કારણ જણાવતાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, હાલમાં ગુજરાત પર આવતા પવનોની દિશા પશ્ચિમ

અને ઉત્તર પશ્ચિમ છે. જેને કારણે ગરમ પવનો ફૂંકાઇ રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા જણાવાયું છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યભરમાં વાતાવરણ સૂકું રહેશે. તથા ગરમ પવનો ફૂંકાવાને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજયુક્ત વાતાવરણ રહેશે અને બફારાની સ્થિતિ રહેશે.

ઉત્તર ગુજરાતના જિલ્લાઓ જેવા કે બનાસકાંઠા, સાબરકાંઠા અને મહીસાગર, અરવલ્લી અમદાવાદ, ગાંધીનગર વગેરે શહેરોમાં રાત્રિ દરમિયાન ઉકળાટનો અનુભવ થશે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં ગતરાત્રિ દરમિયાન લઘુતમ તાપમાન 26.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જેને કારણે રાત્રિ દરમિયાન પણ અમદાવાદમાં રહેતા શહેરીજનોને ઉકળાટનો અનુભવ થયો હતો. આગામી પાંચ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના શહેરીજનોને વધુમાં વધુ પાણી અને પ્રવાહી પદાર્થોનું સેવન કરવું ખૂબ જ આવશ્યક રહેશે.

.................

## Frendship Cup 20-20

વાપી તાલુકાના પરિયા ગામ ખાતે આગામી 31 માર્ચથી સાત એપ્રિલ દરમિયાન 20-20 ફ્રેન્ડશિપ કપ યોજાશે.

આ ટી20 સ્પધામાં નેપાળ, બરોડા અને ગુજરાતની ટીમો ભાગ લેશે. અમારા દમણના પ્રતિનિધિ જણાવે છે કે, આ સ્પર્ધામાં દમણના હેમાંગ પટેલ અને સરલ પ્રજાપતિનો સમાવેશ કરાયો છે. આ સાથે અન્ડર 19 ટીમના કેપ્ટન ઉમંગ ટન્ડેલ પણ આ સ્પર્ધામાં ભાગ લેશે. આ ત્રણેય ખેલાડીઓને તાલીમ આપનાર કોચ ભગુભાઈ પટેલે જણાવ્યું કે, આ ત્રણેય ખેલાડીઓએ તેમની રમત પર ઘણી મહેનત કરી છે. અને તેઓ ગુજરાતને જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેનો મને વિશ્વાસ છે.

.................

## Registration in Engineering and Pharmacy

ધોરણ – 12 પછીની ડિગ્રી એન્જિનિયરિંગ, ફાર્મસી કોર્સની બેઠકોમાં 2024-25માં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં બીજી એપ્રિલથી 15મી મે સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલશે. જ્યારે ફાર્મસીમાં નવ એપ્રિલથી 28મી મે સુધી રજિસ્ટ્રેશન કરી શકશે. રેગ્યુલર વિદ્યાર્થી, શિક્ષણ બોર્ડની ઈમ્પ્રૂવમેન્ટ એકઝામ આપનારા તેમજ પૂરક પરિક્ષા આપનારા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન પ્રક્રિયા ભાગ લઈ શકશે.

પ્રથમ રાઉન્ડમાં રજિસ્ટ્રેશન ન કરનારા નોન રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ માટે 21મીથી 25મી જૂન દરમિયાન પ્રવેશ કાર્યવાહી રાખવામાં આવી છે.

.................

## 12 Sanyas Answer Key

ગુજરાત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમ શિક્ષણ (જીએસઈબી) બોર્ડે ધોરણ – 12 સાયન્સના મેથ્સ, કેમિસ્ટ્રી, ફિઝિક્સ, બાયોલોજી એમ ચાર વિષયની માર્ચમાં લેવાયેલી પરિક્ષાની આન્સર કી બોર્ડની વેબસાઈટ પર મૂકી છે.

ગુજરાત, હિન્દી, અંગ્રેજી માધ્યમના નિષ્ણાંતોએ તૈયાર કરેલી પ્રોવિઝનલ આન્સર કી બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મૂકાઈ છે.

આન્સર કી અંગે કોઈ રજૂઆત હોય તો બોર્ડની વેબસાઈટ પર મૂકેલા નિયત નમૂનામાં વિષય અને માધ્યમવાર પ્રશ્નદીઠ અલગ અલગ રજૂઆત ઈ-મેઈલ આઈડી gsebsciencekey2014@.gmail.com પર 30મી માર્ચે સાંજે 6 વાગ્યા સુધીમાં કરવાની રહેશે, ત્યારબાદની રજૂઆત ધ્યાને લેવાશે નહીં.

.................

છોટા ઉદેપુર જિલ્લાના ક્વાંટ ખાતે ચાલી રહેલા વિશ્વ વિખ્યાત ગેરના મેળામાં મોટી સંખ્યામાં લોકો સહભાગી થયા હતા.

આ લોક મેળામાં ગેરૈયાંઓએ પારંપરિક નાચગાન કર્યું હતું. લોકો પણ પરંપરાગત વસ્ત્રો ધારણ કરી આ નાચગાનમાં સહભાગી થયા હતા. આ મેળામાં રાજકીય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં વિદેશી પર્યટકો મેળાને માણતા જોવા મળ્યા હતા.

આ લોકમેળામાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભવાઈ અને નાટક દ્વારા મતદાનનું મહત્વ સમજાવી લોકોને મતદાન માટે પ્રેરીત કરાયા હતા.

ઉલ્લેખનીય છે કે, ક્વાંટના આ ગેરના મેળાનો ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયની હેરિટેજ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

.................

## DWARKA

23 માર્ચના રોજ દ્વારકાના દરિયાકાંઠાથી પકડાયેલ પેટ્રોલિયમ પેદાશ તથા સીઝ કરેલ બોટ બાબતે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરાઈ હતી.

શંકાસ્પદ પેટ્રોલિયમ પેદાશ બાબતે જિલ્લા પુરવઠા તંત્ર અને મત્સ્યોદ્યોગ અને ફિશરીઝ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પકડાયેલી બે બોટના માછીમારોને પકડવામાં આવ્યા છે. અને ત્રીજા માછીમારની શોધખોળ ચાલુ છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર દરિયામાં માછીમારી કરવા જતાં માછીમારોને બોટની ઓનલાઈન ટોકન મેળવી લેવા અનુરોધ કરાયો હતો.

.................